सत्यमेव जयते

**<u>કચ્છ–માંડવીનાં એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ. ક. સાહેબશ્રીની કોર્ટ સમક્ષ</u>**

**<u>ફોજદારી કેસ નં. ૧૦૩૭/૨૦૨૨</u>**
**<u>આંક :–</u>**

*શ્રી સરકાર* ... **ફરીયાદી**

*<u>–: વિ રૂ ધ્ધ :–</u>*

*બાબુ છગન દાતણીયા* ... **આરોપી**

આ કામના આરોપી આજરોજ અદાલતમાં હાજર થઈ આ ગુન્હાની કબુલાત કરવા તૈયારી દર્શાવેલ છે જેથી આ પ્રકારનો ગુન્હો જો કબુલ કરશે તેમાં કાયદામાં જે સજા દર્શાવવામાં આવેલ છે તે પ્રકારની સજા થઈ શકે છે તેવી સ્પષ્ટ સમજ કરવામાં આવેલ છે. આ કામના આરોપી વિરૂધ્ધ ગુના સબબ તહોમતનામુ ફરમાવી વાંચી સંભળાવી, પ્લી રેકર્ડ કરતા તેઓએ તેમની સામેનો ગુનો અગાઉ કબુલ કરેલ નથી પરંતુ આજ રોજ આરોપી કબુલાત પુરશીષ આપીને તેમનો આ પ્રથમ ગુનો છે, તેઓ કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી જેથી આરોપી પોતાને સજા કરતી વખતે રહેમ દ્રૃષ્ટી રાખવા અરજ ગુજારેલ છે. નામદાર ગુજરાતની વડી અદાલતે **<u>૨૦૦૫ (૧) જી.એલ.આર. પેજ.૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટરવભાઈ હરીચંદ્રજી ઠાકોર</u>**ના રીપોર્ટેડ રૂલીંગમાં પેટી ઓફેન્સીસ સ્વરૂપના આરોપીના પ્રથમ ગુનાના કામે કોર્ટ આરોપીને કાયદાથી નકકી થયેલ ઓછામાં ઓછી સજા કરતા પણ ઓછી સજા ભોગવવાનો હુકમ કરી શકે તેવું જે ઠરાવ્યું છે તેવી હકીકત લક્ષમાં લેતા આરોપીની રજુઆત માન્ય રાખીને નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

આરોપીને *<u>પ્રોહી.એકટની કલમ–૬૫ એ.એ.</u>* મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી, રૂા.*<u>૨૦૦</u>*/– (અંકે રૂપિયા *<u>બસ્સો</u>* પુરા) નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–*<u>૦૨</u>* ની સાદી કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબ્જે કરવામાં આવેલ મુદામાલનો ધોરણસર નાશ/નિકાલ કરવો.

હુકમ આજ રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:** ૦૯–૦૯–૨૦૨૩
**સ્થળ :** માંડવી

**(સ્વાતિ રાજબીર)**
એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
માંડવી–કચ્છ
કોડ નં.જી.જે.૦૧૫૧૭